

**પાલનપુરમાં દિવાળીની ઘર સજાવટ માટે સુશોભનની ખરીદી**

દિવાળી પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે.જેથી ગૃહીણીઓએ પોતાના ઘરની સફાઈ કરી દિધી છે.તો બીજી તરફ બજારમાં દિવાળીના તહેવારોમાં ઘર સજાવટની અવનવી કૃત્રિમ ફુલોની ફુલદાની,તોરણ,ગલગોટા સહીતની અવનવી વસ્તુઓનું વેચાણ પણ શરૂ થતા પાલનપુરમાં ગૃહીણીઓએ દિવાળીના તહેવારોમાં પોતાનું ઘર બીજાના ઘર કરતા સજાવટમાં કઈ અલગ દેખાય તે માટે કૃત્રિમ સજાવટની ચિજવસ્તુઓની ખરીદી કરતા નજરે પડી રહ્યા છે.

# પ્રાંતિજ પોલીસના સર્મથનમાં આમ આદમી પાર્ટીએ આવેદનપત્ર આપ્યુ

**પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે જઇને સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર આપ્યુ : ૨૦ રૂપિયા સાયકલ એલાઉન્સ, ૩૦૦ રૂપિયા મેડીકલ તથા ૨૫ રૂપિયા વોશિંગના મુદાઓને લઈને સર્મથનમાં**

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા પોલીસના સર્મથનમાં આવેદનપત્ર આપ્યુ. પોલીસ ના વર્ષો જુના પડતર પ્રશ્નોને લઈ ને આજે પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા એકઠા થઈ ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે જઈ ને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચારો કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ.ત્રિવેદી ને આવેદનપત્ર આપ્યુ હતુ અને પોલીસ ની વિવિધ માંગણીઓ જેવીકે હાલ મળી રહેલ મહિને સાયકલ એલાઉન્સ ૨૦ રૂપિયા, મેડીકલ-૩૦૦ રૂપિયા અને વોશિંગ ૨૫ રૂપિયા તથા પોલીસ




તંત્રની ચોવીસ કલાક ફરજ બજાવતા પોલીસ તંત્ર માટે જાણે હાલ મશ્કરી રૂપ હોય તેમ લાગી રહ્યુ છે અને કોન્સ્ટેબલ થી પીએસઆઇ સુધીના વર્ગ-૩ની બદલીમા રાજકીય દખલગીરી સંતદર બંધ કરવી અને બદલી માટે નેતાઓ કે અધિકારીઓને આજીજી કરવી ન પડે તેમજ બદલી પ્રક્રિયામા પાર દર્શકતા અને ઝડપ આવેતે સારૂ રાજય કક્ષાએ કમિટી ની રચના કરવી તો પોલીસ ને બિનજરૂરી ટાર્ગેટ આપવાથી પોલીસ ઉપર માનસિક તણાવ ઉત્પન્ન થાય છે જેવી વિવિધ માંગણીઓને લઈ ને પ્રાંતિજ ખાતે આમ આદમી ના કાર્યકરોએ આવેદનપત્ર આપી પોલીસ ના સર્મથન મા રજુઆત કરી હતી જેમા આમ આદમીના તાલુકા પ્રમુખ સુરજસિંહ.કે.ઝાલા તથા જિલ્લા સહમંત્રી દેવાંગ પટેલ સહિત આપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં શિયાળાની ધીમી જમાવટ : પરોઢે ઠંડીનો ચમકારો

**બપોરે ગરમીના કારણે મિશ્ર ઋતુનો અનુભવ**

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૬

જિલ્લામાં બદલાતા જતા માહોલમાં શિયાળાની ધીમી જમાવટ થઈ છે. છેલ્લા ચાર દિવસથી પરોઢે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. જો કે બપોરે ગરમીના કારણે મિશ્ર ઋતુનો માહોલ અનુભવાતાં તેની વિપરીત અસર જનઆરોગ્ય ઉપર જોવા મળી છે.



જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી ઋતુચક્ર અવળા પાટે ચાલતું હોય તેવો અનુભવ સૌ કોઈને થઈ રહ્યો છે. મુખ્ય ઋતુની હાજરીમાં અન્ય ઋતુનો અહેસાસ થવો સામાન્ય બાબત બની રહી છે. પર્યાવરણ અસંતુલિત બનતાં ઋતુની જમાવટ ક્યારેક વિલંબમાં પડતી હોય છે. દિપોત્સવીના તહેવારો શરુ થાય તે અગાઉ શિયાળાની કાતિલ ઠંડી અનુભવાશે તેવું માનવામાં આવતું હતું પરંતુ ઠંડીની જમાવટ માંડી થઈ છે. હમણાંથી વહેલી પરોઢે કાતિલ ઠંડીના કારણે શિયાળાનો અનુભવ થવા લાગ્યો છે પરંતુ બપોરે તો ગરમીની હાજરી રહેતી આવી છે જેના કારણે મિશ્ર ઋતુનો માહોલ ઉભો થયો છે. જિલ્લામાં ઠંડીનો ચમકારો અનુભવાતાં અને રવિ સીઝનની ખેતી માટે જળાશયોમાંથી સિંચાઈનાં પાણી આવતા મહિનાથી છોડવાની જાહેરાત પછી ખેડૂતોની તૈયારી આરંભી છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી ઠંડી-ગરમીનો માહોલ ઉભો થતાં ખાસ કરીને અસ્થમાના દર્દીઓ હાલાકી અનુભવી રહ્યા છે.

**દોષનો ટોપલો શૈક્ષણિક સંસ્થાઓ ઉપર**

# ટ્રાફીક સમસ્યા- મોડાસાના શૈક્ષણિક સંકુલોને ટ્રાફીક નિયમનમાં મદદગારી કરવા પત્ર

**સગીરવયના વિદ્યાર્થીઓ લાયસન્સ વગર વાહન ન હંકારે..!**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

જિલ્લાના પાટનગર મોડાસામાં પોલીસની અણઆવડતથી ટ્રાફીક સમસ્યા વકરી છે. શાળાઓમાં ૫૦ટકા હાજરીસાથે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્યારે ટ્રાફીક શાખા મોડાસા દ્વારા શહેરના શીક્ષણિક સંકુલોને ટ્રાફીક નિયમન માં મદદ કરવા સગીર વયના વિદ્યાર્થીઓ લાયસન્સ વગર વાહનનહંકારે તે જોવા જરૂરી માર્ગદર્શન આપવા જણાવ્યું છે. અન્યથા લાયસન્સ વગર વાહન હંકારતા વિદ્યાર્થીઓના વાલીઓ વિરુદ્ધ ટ્રાફીક ભંગ બદલ કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે.

**ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને દોડતા વાહનો દેખાતા નથી**

ટ્રાફીક શાખા મોડાસા દ્વારા સગીર વયના વિદ્યાર્થીઓ વાહન હંકારતાં પકડાશે તો વાલીઓ વિરુદ્ધ ટ્રાફીક ભંગની કાર્યવાહી કરવાની લેખિત ચીમકી આપવામાં આવી છે જેથી સમસમી ઉઠેલા અનેક વાલીઓ પોલીસ ઉપર ઉં કળી ઉઠ્યા છે અને ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને દૌડતાં વાહનો કેમ પોલીસને દખાતા નથી..?? તેવા અણિયાળાસવાલ કર્યા છે.

ઉચ્ચ અધિકારીઓના કાર્યાલય અને રહેઠાણ વિસ્તારમાં ટ્રાફીક સમસ્યા શિરદર્દ બનીછે. ટ્રાફીક તેમજ અન્ય ટ્રાફીક નિયમ માટે મૂકાતી પોલીસ ખિસ્સો ભરવામાંથીઉંચી આવતી નથી અને ટ્રાફીક સમસ્યા અંગે દેકારો મચે એટલે તંત્રએશનમાં આવી જાય છે. શહેરમાં વધતી ટ્રાફીક સમસ્યાના કારણે હરકતમાં આવેલા ટ્રાફીક શાખાએ પોતાની બિનઆવડતનું ઠીકટ શૈક્ષણિક સંકુલો ઉપર ફોડવાનો પ્રયાસ કર્યો છે. શહેરનીટ હાઈસ્કુલોના આચાર્યોને પત્ર લખી શહેરમાં નાના-મોટા વાહનો વધુ પ્રમાણમાં આવતા હોય છે, જેથી અકસ્માત અને ટ્રાફીક થવાની સંભાવના છે. આપની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીમો પૈકીગણા વિદ્યાર્થીનો શાળામાં આવવા માટે વહીલરનો ઉપયોગ ક રતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. શાળામાં ભણતા વિદ્યાર્થીઓ સગીર વયના વાહન ચાલકો હોય અને લાયસન્સ ધરાવતાન હોવાથી બેદરકારી અને ગલત ભરીરીતે વાહન હંકારવાના કારણે અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે અને શાળા કક્ષાએથી આ અંગે વાલીઓની મીટીંગ બોલાવી લાયસન્સ વગર વિદ્યાર્થીને વાહન નહીં હંકારવા માટે તાકીદ કરવા જણાવ્યું છે. લાગે છે કે આવનારા દિવસોમાં વાલીઓ અને સ્થાનિક પોલીસ આમને સામને આવી શકે છે.

**ક્યા શૈક્ષણિક સંકુલોને તાકીદ કરાઈ**

મોડાસા શહેરની સર્વોદય હાઈસ્કુલ, કે.એન.શાહ હાઈસ્કુલ, સરસ્વતી હાઈસ્કુલ, બાઈટ હાઈકુલ, ન્યુલીપ હાઈસ્કુલ, જે. બી. શાહ ઈંગ્લિશ મીડીયા હાઈસ્કુલ, મખદુમહાઈસ્કુલ, જીનીયસ હાઈસ્કૂલનો સમાવેશ થાય.

# પ્રાંતિજના અમીનપુર ખાતે ઘાસચારો ભરેલ ટ્રેકટરમાં આગ લાગી...

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અમીનપુર ખાતે ખેતર માંથી પશુધાસ ચારો ભરીને નિકળી રહેલ ટ્રેલર મા આગ લાગતા ટ્રેલર મા ભરેલ બધોજ ધાસચારો બળીને સ્વાહા થઈ ગયો. પ્રાંતિજ ના અમીનપુર ખાતે ધાસચારો ભરીને ખેતરમાંથી નિકળી રહેલ ટ્રેકટર ના ટ્રેલર મા આગ લાગતા. નાસભાગ મચી જવા પામી હતી તો ટ્રેલર મા ભરેલ બધોજ ધાસચારો બળી ને આગમા સ્વાહ થયો હતો તો ટ્રેકટર ના ટ્રેલર મા સાઈડ મા લાગેલ લાકડા ના પાટીયા તથા ટ્રેલર ના બન્ને ટાયર પણ આગ મા બળી ને સ્વાહા થઈ ગયા હતા તો ટ્રેકટર ચાલકે સમય સુચકતા વાપરી ને હાઈડ્રોલિક ટ્રેલર હોવાથી ખેતરમાં જ ટ્રેલર ખાલી કર્યુ હતુ તો ખેડુત પટેલ ભરતભાઈ ભક્તિભાઈ ને પશુધાસ ચારો સહિત ટ્રેલર ના ટાયર લાકડા ના પાટીયા સહિત બળી જતા અંદાજે ૫૦,૦૦૦ જેટલુ નુકસાન થયુ હતુ તો આગ મા ટ્રેકટર ચાલક નો આબાદ બચાવ થયો હતો.



# અરવલ્લી મોડાસા ખાતે ૩૦ ઓક્ટોબરના રોજ હાઈટ-હન્ટનું આયોજન કરાશે

મોડાસા તા.૨૬

ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, દ્વારા સંચાલિત વોલીબોલ એકેડમીમાં U-17ના ભાઈઓ તથા બહેનોના પ્રવેશ માટે હાઈટ-હન્ટ (ઊંચાઈની પ્રતિભાશોધ)નું આયોજન કરાયું છે.

**ઊંચાઈની પ્રતિભાશોધ ધરાવતા U-17ના ભાઈઓ તથા બહેનો વોલીબોલ એકેડમીમાં ભાગ લઈ શકશે**

જેમાં ૧૩ વર્ષની ઉમર ધરાવતી બહેનોની ઊંચાઈ ૧૬૬ થી વધુ તથા ભાઈઓની ઊંચાઈ ૧૭૩ થી વધુ, ૧૪ વર્ષની ઉમરના બહેનોની ઊંચાઈ ૧૭૧ થી વધુ તથા ભાઈઓની ઊંચાઈ ૧૭૯ થી વધુ, ૧૫ વર્ષની ઉમર ધરાવતા બહેનોની ઊંચાઈ ૧૭૩ થી વધુ અને ભાઈઓની ઊંચાઈ ૧૮૪ થી વધુ તેમજ ૧૬ વર્ષની ઉમર ધરાવતા બહેનોની ઊંચાઈ ૧૭૫ થી વધુ તથા ભાઈઓની ઊંચાઈ ૧૮૭ થી વધુની વય અને ઊંચાઈની મર્યાદામાં રસ ધરાવનારા ભાઈઓ તથા બહેનો ભાગ લઈ શકશે.

આ ઊંચાઈની પ્રતિભાશોધનું આયોજન અરવલ્લી મોડાસા જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા ૩૦ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે મોડાસાના બોયઝ હોસ્ટેલ બ્લોક-સી ઈક્રમટેક્ષ ઓફીસની બાજુમાં ભેરૂન્ડા રોડ ખાતે યોજાશે એમ સિનીયર કોચ રમત પ્રશિક્ષણ કેન્દ્ર મોડાસા, અરવલ્લી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# તક્ષશિલા વિદ્યાલય બાયડનું અભૂતપૂર્વ ગૌરવ

બાયડ ની તક્ષશિલા વિદ્યાલય અરવલ્લી જિલ્લા મા છેલ્લા ૨૦ વર્ષ થી ૧૦૦% પરિણામ લાવવા મા અગ્રેસર રહી છે તાજેતર મા માર્ચ ૨૦૨૧ મા લેવાયેલ ધોરણ ૧૦ ની પરીક્ષા મા 'તક્ષશિલા ગુરુકુલમ' મા રહી ને અભ્યાસ કરતી રાઠોડ નિકિતાબેન કમલેશભાઈ સમગ્ર રાજ્ય કક્ષા એ 'અનુસૂચિત જાતિ ' (SC) કેટેગરી મા રાજ્ય મા બીજા ક્રમે પાસ થઈ શાળા નું ગૌરવ વધાર્યું છે સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ પટેલ સાહેબ તથા ડિરેક્ટર શ્રી તપનભાઈ એ આવી અભૂતપૂર્વ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન આપ્યા હતા.



બાયડ ની તક્ષશિલા વિદ્યાલય અરવલ્લી જિલ્લા મા છેલ્લા ૨૦ વર્ષ થી ૧૦૦% પરિણામ લાવવા મા અગ્રેસર રહી છે તાજેતર મા માર્ચ ૨૦૨૧ મા લેવાયેલ ધોરણ ૧૦ ની પરીક્ષા મા 'તક્ષશિલા ગુરુકુલમ' મા રહી ને અભ્યાસ કરતી ડામોર તમન્ના જગદીશભાઈ સમગ્ર જિલ્લા કક્ષા એ 'અનુસૂચિત જન જાતિ ' (ST) કેટેગરી મા જિલ્લા મા બીજા ક્રમે પાસ થઈ શાળા નું ગૌરવ વધાર્યું છે સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી અતુલભાઈ પટેલ સાહેબ તથા ડિરેક્ટર શ્રી તપનભાઈ એ આવી અભૂતપૂર્વ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન આપ્યા હતા.



# ડીસાના કંસારી-શેરપુરા રોડ ઉપરથી બટાકાની આડમાં લઈ જવાતો દારૂ બિયરના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

ડીસા, તા. ૨૬

ડીસા તાલુકા પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી સતત પેટ્રોલિંગ કરી મોટી માત્ર માં દારૂ નો જથ્થો ઝડપી પાડવામાં આવી રહ્યો છે ત્યારે મંગળવારે પણ પોલીસ ની ટીમે ખાનગી બાતમી ના આધારે ડીસા તાલુકાના કંસારી-શેરપુરા રોડ ઉપરથી પીકઅપ ડાલામાં બટાકાની આડમાં લઈ જવાતો દારૂ અને બીયર ના જથ્થા સાથે એક શખ્સ ને ઝડપી પાડ્યો છે તેની પાસે થી દારૂ બિયર જીપ ડાલું મળી કુલ ૬,૨૦,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ડીસા તાલુકા પોલીસ સ્ટેશનના પી આઈ એમ.જે.ચૌધરી મંગળવારે સવારે પોતાની ટિમ ના વિષ્ણુભાઈ ચૌધરી વિજયસિંહ મુકેશભાઈ સહિત ના સ્ટાફ સાથે પેટ્રોલિંગ માં હતા ત્યારે ખાનગી મળેલી બાતમી ના આધારે ડીસા તાલુકાના કંસારી-શેરપુરા રોડ ઉપરથી નાકા બંધી કરી હતી ત્યારે આવી રહેલ એક જીપ પીકઅપ ડાલું નં. GJ-27-TT-4240 ને રોકાવી તપાસ કરતા અંદર થી દારૂ અને બિયર ની ૨૦૬૪,બોટલો મળી આવી હતી જેથી પોલીસે દારૂ બિયર જીપ ડાલું મોબાઈલ મળી કુલ કિ.રૂ.૬,૨૦,૭૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સુરેશ ગોરધનજી પરમાર (માળી) રહે.મોટી ઢાણી માલગઢ તા.ડીસા વાળા ને ઝડપી પાડી તેની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં પાલિકા પ્રમુખના હસ્તે તિબેટીયન માર્કેટનો શુભારંભ

ડીસા, તા. ૨૬

ડીસા શહેરના હાર્દસમા વિસ્તાર એવા જલારામ મંદિરથી બગીચા તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલ પોલીસ લાઈન સામે વેપારીઓ દ્વારા તિબેટીયન રિફ્યુજી માર્કેટનો શુભારંભ મુખ્ય મહેમાન ડીસા નગરપાલિકાના મહિલા પ્રમુખ સવિતાબેન જીગ્નેશકુમાર હરીયાણીના વરદ હસ્તે આજથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં તિબેટીયન રિફ્યુજી વુલન માર્કેટના પ્રધાન ટઉ શેરિંગ અને ઉપપ્રધાન? શેરિંગ ફુછો દ્વારા પ્રમુખનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ? પ્રસંગે નગર પાલિકાના મનોજભાઈ પટેલ, રાજુ બજરંગ, અમિત રાજગોર તેમજ સિક્યોરિટી ગાર્ડ હેડ જીતુભાઈ ઠક્કર તેમજ નામી- અનામી લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આવનાર તમામને તિબેટીયન માર્કેટના લોકો દ્વારા તમામનું ઉષ્મા ભર્યું સ્વાગત કરી ચા નાસ્તો આપવામાં આવ્યો હતો. તિબેટીયન રિફ્યુજી વુલન માર્કેટ આજથી ત્રણ વર્ષ અગાઉ શિયાળાની ઋતુના પ્રારંભે ડીસામાં ગરમ કપડા માટેના સ્ટોલ ઉભા આવ્યા હતા અને ડીસાના વિવિધ વિસ્તારોમાં પોતાના સ્ટોલ ઊભા કર્યા હતા જ્યારે ગત ૨૦૨૦ ના વર્ષે કોરોના મહામારીના કારણે માર્કેટ શરૂ કરી શકાયું ન હતું. આજે શરૂ કરાયેલ તિબેટીયન માર્કેટના પ્રધાન ટઉ શેરીગે જણાવ્યું હતું કે પોતાના મૂળ વતન હિમાચલ પ્રદેશ કૂલુમનાલીથી પોતાના દસ પરિવારો સહિત અહીં સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે જેનો ડીસાની જાહેર જનતાએ મોટી સંખ્યામાં લાભ લે તેવો અનુરોધ પણ કરવામાં આવ્યો છે.



# જિલ્લામાં કપાસના ખેતરો ખાલી ન થતાં રવી વાવેતર વિલંબમાં

**સીઝનમાં માંડ ૭૦૦ હેક્ટર રવિ વાવેતર**

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૬


જિલ્લામાં સામાન્ય રીતે ઠંડીનો ચમકારો શરૂ થાય એટલે રવી વાવણીમાં ધમધમાટ શરૂ થતો હોય છે પરંતુ આ વખતે ખેતરોમાં કપાસનો પાક ઉભો હોવાથી રવી વાવેતર વિલંબમાં પડ્યું છે. સમયસર ખેતમજૂરો મળતા ન હોવાથી કપાસ વિણવાનું કામ ખોરંભે પડ્યું છે જેના કારણે ખેતરો ખાલી થયા પછી જ વાવેતર વેગવંતુ બનશે. જ્યારે રવિ વાવેતરને અનુકુળ ઠંડીની જમાવટ થઈ ન હોવાથી હાલ ખેડૂતોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.

જિલ્લામાં આ વર્ષે ઓછો વરસાદ પરંતુ ખરીફ વાવેતરનું સારું ઉત્પાદન થાય તેવો વરસાદ વરસ્યો જેથી કપાસ, મગફળી, તુવર, મકાઈના બમ્પર ઉત્પાદન જોવા મળી રહ્યું છે. પરંતુ જે ખેડૂતોએ કપાસનું વાવેતર કર્યું છે તેમના માટે તહેવારો પછીનો સમય મુશ્કેલરૂપ બની રહ્યો છે. ખેતરોમાં કપાસ વિણવા માટે મજૂરોની અછતના કારણે રવિ વાવણી પાછળ ઠેલાઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સામાન્ય રીતે ઓક્ટોબરના અંતમાં રવી વાવેતરની શરુઆત થતી હોય છે પરંતુ વાવેતર વિલંબમાં પડ્યું છે. જિલ્લામાં રવિ સીઝનમાં મોટાપાયે ખેડૂતો બટાટાનું વાવેતર કરતા હોય છે પરંતુ હજુ સુધી અનુકુળ માહોલ ઉભો થયો ન હોવાથી રવિ વાવેતર માટે યોગ્ય ઠંડીની રાહ જોઈને બેઠા છે.

**જન્મદિને વધામણી**



તુષાર મુકુંદભાઈ પટેલ
સુપરવાઇઝર ,બાયડ
માર્કેટ યાર્ડ
શિવાલિક સોસાયટી
બાયડ જી.અરવલ્લી



હસમુખભાઈ સી. મહેતા
નિવૃત બેંક અધિકારી
બાયડ



પંકજભાઈ એમ.પટેલ
પંકજ પટેલ એન્ડ
એસોસિયેટ્સ
અમદાવાદ (સાયરા)

રક્તદાન
મહાદાન

# બનાસકાંઠામાં મોબાઈલના કારણે પારિવારિક કજીયા વધ્યા

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઘરેલુ હિંસાની ૪૩૦ જેટલી મહિલા પોલીસ મથકે અરજીઓ નોંધાઈ હતી જેમાં મોટા ભાગે મોબાઈલમાં કારણે પતિ પત્ની વચ્ચે ઝગડા થયા હોવાનું પોલીસ તારણ માં બહાર આવ્યું છે અને તેમાંય લોક ડાઉનના સમયે દંપતીઓમાં અણ બનાવના કિસ્સા વધ્યા હતા જોકે આ બનાવો મા મહિલા પોલીસેના પ્રયત્નો થી મોટા ભાગની અરજીઓમા સમાધાન થયું છે. કોરોના કાળના લોક ડાઉન કેટલાક પરિવારો વચ્ચે પારિવારિક સંબધોમા મીઠાશ પ્રસરાવી છે તો કેટલાક પરિવારોમાં કંકાસ ફેલાવ્યો છે જેમાં બનાસકાંઠા જિલ્લામાં કોરોના કાળમાં મહિલા પર અત્યાચાર વધ્યા હોવાની ફરીયાદો ઉઠી હતી જેમા એક વર્ષ દરમ્યાન મહિલાને શારીરિક અને માનસિક ત્રાસ આપવો,દહેજની માંગણી કરવી સહિતની ૪૩૦ અરજી પાલનપુર મહિલા પોલીસ મથકે નોંધાઈ હતી જેમાં મહિલા પોલીસે પારિવારિક ઝગડાઓમાં પીડિત મહિલાનો સંસાર ન બગડે તે માટે બન્ને પક્ષને સમજાવી ૪૦૦ અરજીનું સમાધાન કરાવ્યું હતું જ્યારે ૨૭ અરજીમાં પતિ અને સાસરિયા વચ્ચે મનમેળ ન થતા સાસરિયા વિરુદ્ધ મહિલાઓને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં ગુના દાખલ કરવામાં આવ્યાં છે જ્યારે ત્રણ કેસ હાલ પેન્ડિગ છે જોકે આ ઘરેલુ હિંસાની મોટાભાગ ની અરજી ઓમાં મોબાઈલ કારણભૂત હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું જોકે લોક ડાઉન સમયે પરીવારના સભ્યો ઘરે હાજર હોવાથી અને મોબાઈલનો વપરાશ વધતા શંકા શંકાઓને લઈ પતિ પત્નીઓ વચ્ચે કંકાસ વધ્યો હતો.